પરીક્ષા શાખા (યુજી–૨)
તા.૨૨/૦૨/૨૦૧૯

નોંધ :

**વિષય : ૫૦મી વિદ્યાપરિષદની બેઠકની કાર્યનોંધ પર પગલા લેવા બાબત.**

સંદર્ભ : ૧. વિદ્યાપરિષદની ૫૦મી બેઠકની કાર્યનોંધ
૨. અત્રેની કચેરીની એકેડેમીક શાખાનો તા.૨૦/૧૨/૨૦૧૮નો પત્ર

ઉપરોક્ત સંદર્ભ–૧ અન્વયે જણાવવાનું કે, વિદ્યાપરિષદની ૫૦મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૫૦.૧૫થી રાજયની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં ફેકલ્ટીવાઈઝ એક એક બેઠક બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ (NRG) માટે પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની (SUPERNUMERARY) બેઠક રાખવા બાબતે પ્રવેશ પ્રક્રિયાને લગતાં નિયમો રાજયની અન્ય કૃષિ યુનિવર્સિટીઓ સાથે ચર્ચા કરી નકકી કરવા તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે, માન.અધ્યક્ષ–વ–મંત્રીશ્રી(કૃષિ)ના અધ્યક્ષ સ્થાને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદની ચૌદમી બેઠકના "સુધારા આદેશ"ના મુદ્દા નં. ૧૪.૨ મુજબ ઉપર જણાવ્યા મુજબ રાજયની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં ફેકલ્ટીવાઈઝ એક એક બેઠક બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ (NRG) માટે પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની (SUPERNUMERARY) બેઠક રાખવાનું ઠરાવવામાં આવેલ છે અને આ બેઠકો માટેની ફી અન્ય રેગ્યુલર વિદ્યાર્થીઓના સમાન ધોરણે રાખવાનું ઠરાવવામાં આવેલ છે. આગામી રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની પ્રવેશ સંદર્ભે બેઠક માર્ચ માસમાં મળનાર હોઈ સદર બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ માટેની અનામત બેઠક બાબતના પ્રવેશને લગતા નિયમો બાબતે સદર બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. અને તે મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રવેશ વખતે અમલ કરવામાં આવશે.

મદદનીશ કુલસચિવ(એકેડેમીક)

**જા.નં. આકૃયુ/રજી/પરીક્ષા/ ૬૫ , /૨૦૧૯,**
**તા.૨૬.૦૨.૨૦૧૯**

**પ્રતિ,**
અત્રેની કચેરીની એકેડેમીક શાખા તરફ જાણ તેમજ ઘટતું થવા સારૂ.